# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade "A"** by NAAC

પરિપત્ર :–

**વિષય :–** સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળા અંગે સ્કુલ/કોલેજના વિદ્યાર્થીઓમાં બહોળી પ્રસિધ્ધી માટે પ્રિન્સીપાલ/સંચાલકશ્રીઓની મીટીંગનું આયોજન કરવા બાબત.

**સંદભ :–** કલેકટર અને પ્રમુખ શ્રી જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના પત્રક્રમાંક જસકર/૨૩૨/૨ચન/ ધદન–૧/૨૦૧૫ તા.૩–૩–૨૦૧૫

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે કલેકટરશ્રી , રાજકોટ ના સંદર્ભ પત્રથી નીચે મુજબ એક મીટીગનું આયોજન કરેલ હોય તેમાં નીચે દર્શાવેલ તારીખ, સમય અને સ્થળ ઉપસ્થિત રહેવુ.

૧. ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે શહિદ સૈનિકોના પરીવાર તથા પૂર્વ સૈનિકોના લાભાર્થે કલ્યાણકારી કાર્યક્રમોના આયોજન માટે નાગરીકો પાસેથી ફાળો એકઠો કરવાના કાર્યક્રમનો આરંભ સમગ્ર દેશમાં પ્રતિવર્ષ તારીખ ૭, ડીસેમ્બર ના રોજ સશસ્ત્ર સેના ધ્વજદિન ની ઉજવણી કરવામાં આવે છે.

૨. ઉકત બાબતે સ્કુલ/કોલેજોના વિદ્યાર્થીઓના માધ્યમથી જાહેર સંસ્થાઓ, સરકારી કચેરીઓ તથા દેશના નાગરીકોમાં દેશ પ્રત્યેની ભાવના, આદર અને આત્મીયતા પ્રગટ થાય અને દેશના તમામ નાગરીકો સુધી આ બાબતોનો સંદેશો પહોંચાડી જાગૃતિ લાવવા તથા આપણા રાજકોટ જીલ્લાને સરકારશ્રી તરફથી દર વર્ષે ફાળવવામાં આવતા લક્ષાંક કરતા પણ વધુ ફાળો એકત્રિત કરીને દેશ સેવાના ઉમદા કાર્યમાં રાજકોટ જીલ્લાને રાજયમાં નંબર–૧ ના સ્થાને પહોંચાડવા માટે આત્મીય કોલેજ કેમ્પસ, સેન્ટ્રલ ઓડીટોરીયમ, આત્મીય કોલેજ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે તા.૧૦–૩–૨૦૧૫ ના રોજ સવારે ૧૧.૧૫ કલાકે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એક મીટીગનું આયોજન કરેલ છે.

૩. પ્રસ્તુત વિગતે આપની સ્કુલ/કોલેજોના આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી/સંચાલકશ્રીને ઉપરોકત મીટીગમાં હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

૪. આપની હાજરીની નોંધણી પત્રના સરનામાં પર દર્શાવેલ અનુક્રમ નંબર ટેલીફોન નંબર ૦૨૮૧ – ૨૪૭૬૮૨૫ પર તારીખ ૦૯–૦૩–૨૦૧૫ સુધીમાં અવશ્ય કરવી, જેથી જરૂરી વ્યવસ્થા કરી શકાય.

કુલસચિવ

નં.જોડાણ / ૨ / ૩૯૩૬ / ૨૦૧૫
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
તા.૩ – ૦૩ – ૨૦૧૫

**પ્રતિ,**

– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જીલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ........
(યોગ્ય કાર્યવાહી અર્થે)

**નકલ રવાના :–**

૧ માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ....